૨૯૯૮

નરસિંહ મેહેતાનું મામેરૂં

કવિ. પરેમાનંદનું રચેલું

તે

શોખીલા જનોને વાસ્તે

અમદાવાદમાં

"સમશેર બાહાદુર" છાપખાનામાં સવાઇ ભાઇ રાયચંદે છાપી પ્રસિધ્ધ કરયું.

સંવત ૧૯૪૩—સને ૧૮૮૭

નરસિંહ મેતાનું મામેરૂ*

કડવું ૧ લું. રાગ આશાવરી.

શ્રીગુરૂ ગણપતિ શારદા, હું સમરૂં સુખે સર્વદા;
મન મુદા, કહું મામેરૂં મેહેતા તણું રે.

ઢાળ.

મામેરૂં મેહેતાતણું, પરબંધ કરવા આશ;
નરસિંહમેહેતો ભક્ત બ્રાહ્મણ, જુનાગઢમાં વાસ.
તેનિ ભાભિયે એકવચન કહ્યુ, મેહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘરતણો, મેહેતો વન ગયા તપકાજ.
તે વન વિષે એક દેરૂં દીઠું, અપુજય શીવનું લિંગ;
નરસિંયે તેનિ પુજા કીધી, અંતરમાંહિ ઉમંગ.
ઉપવાસ સાત મેહેતે કર્યા, તવ રીઝયા શ્રીમહાદેવ;
કમળની પેરે લિંગ પ્રકાશ્યુ, પ્રભુ પ્રગટ થયા તતખેવ.
કરપુર-ગૈર સરસ શોભા, ધર્યાં ઉમયા ડાબે પાશ;
બીરાજે જટામાં જાન્હવી, નેં નિલવટ ચંદ્ર પ્રકાશ.
છે રૂંઢમાળા સર્પ ભુષણ રાજે વાઘાંબર ચર્મ;
વાજે ડાક ડમરૂ શંખ શિંગા મેહેતે દિઠા પરિબ્રહ્મ.
તવ નરસૈયો જઇ પાયે લાગ્યો. ત્યારે મસ્તક મુકયો હાથ.
માગ્ય માગ્ય હું કૃપાળ છું, એમ બોલ્યા ઊમયા નાથ
મેહેતો કહે મહાદેવજી, એક માગુછું સ્વામીન;
તમતણું દરશન પામિયો, હવે વિષ્ણુનું દરશન.
ધન્ય ધન્ય સાધુ શિવ કહે, તને ભક્તતાછે આસ;
અખંડ વ્રજમાં ગયા તેડિ ત્યાં. હરિ રમેછે રાસ.

વળણ

રાસ મંડળ તાણી રચ્યા, લીલા શી વખાણે કવી;
નરસૈયો કૃતારથ થયો, નેં કૃપા શ્રીહરિની હવી.

કડવું. ૨ જું. રાગ ધનાશ્રી.

અદ્ભુત લીલા રામ વિરાજેજી, દરસન કીધે ભવ-દુખ ભાજેજી
ગોપિકા ગાય વાજિત્ર વાજેજી, મહાસુખ દીધું શિવમહારાજેજી

ઢાળ.

મહારાજ શિવમહારાજ જીએ, ગ્રહ્યો મેહેતાનો હાથ;
તે મહાશિવને દેખિને. સામા આવ્યા વૈકુંઠનાથ.
ત્યાં હરિ હર હરખમાંહે મળ્યા, નમિ ગોપી શિવને પાય;
નરસૈયો જઈ નમ્યો નાથને, તવ બોલ્યા વૈકુંઠ રાય.
કહો સદાશિવ આ કોણ છે, તમે દેખાડયો આ ઠામ;
મહાદેવ કહે એ ભક્ત તમારો, વિપ્ર નૃસૈયો નામ.
ત્યારે મસ્તક ઉપર હાથ મુકા, કહે શ્રી ગોપાળ;
દુઃખવેળા મને સંભારજે, હું ધાઇ આવિશ તતકાળ.
કરજે તું કીર્તન-ભક્તિ મારિ, તું તરિશ ભવ શંસાર;
આ દીઠી તેવી લીલા ગાજે, કેવળ રસ શણગાર.
પછિ રાસ-મંડળ તણી રચના, દેખાડી તેણિ વાર;
નરસિંહ મેહેતા પ્રત્યે બોલ્યા, સ્વામી શ્રીત્રિપુરાર.
રખે લોક-ભય મનમાંહિ ગણતો, મસ્તકસાટે ભક્તિ;
રાધા કૃશણનો વીહાર ગાજે, જુએ તવા જુક્તિ
અંતરધ્યાન થયા એમ કહીને, ભોળા શંકર દેવ;
પળ માત્રમાં નરસૈને મુકયો, જુનેગઢ તતખેવ.
થઇ નરસૈયાની નિર્મળ વાણિ, કવિ શક્તિ ભક્તિ અપાર
રાધા કૃસણ શું રંગ લાગીઓ, ગણે ણાવત સંસાર.
પછિ તાલ વાતા ગીત ગાતાં, પધાર્યા પુર માય;
નરસિંહ મેહેતો જઇને નમિયા, ભાભી કેરે પાય.
તમને ગોરાણી મે પ્રમાણિ; હું ને કહ્યું કઠણ વચન
હરિ હર બન્ને મુજને મળયા, તે ભાભી તમારૂં પુન્ય.

ઊથલો.

પુન્ય તમારૂં માત મારિ, મને મળ્યા શ્રી પરિબ્રહ્મરે;

છે સાધવી સ્ત્રી મેહેતાતણી, પછે માંડયો ગ્રહસ્થા ધર્મરે.

'કડવુ ૩જુ. રાગ વેરાડી.

મેહેતે માંડયો ગ્રહસ્થા ધરમ, પતિવ્રતા ઘેર નારીપર્મ
દામોદરની સેવા કરે, માળા તિલકને મુદ્રા ધરે,
સાધુ વેરાગી વૈશ્ણવ જન, શંખતાળ વાજે બહુ ધન્ય
ચોકમાંહી તુળસીનાં વન, અહરનીશ થાયે કીરતન.
નહી ખેતીઉદ્યમ વેપાર, હરી ભગત મેં તો તદાકાર.
જે આવે તે વઇસણવ જમે, ગુણગાઇને દહાડા નિરગમે
વિશ્વંભર પુરૂ પાડે અન, વિશ્વાસ ઘણો મહેતાને મન,
બે સંતાન આપ્યાં ગોપાળ. એક પુત્રીને એકજ બાળ.
શામળદાસ કુંવરનું નામ, તે પરણાવ્યો મોટે ઠામ
કુંવરબાઇ નામે દીકરી, પરણાવ્યાં રૂડો વીવા કરી.
પામ્યા મરણ પત્નીને પુત્ર મેહેતાનુ ભાગ્યુ ઘર સુત્ર.
પતિવ્રતા વહુ વિધવા થઇ, સુર શાના પછે એકલા રહી,
સ્ત્રી પુત્ર મરતે રોયા લોક, મહેતાને તલ માત્ર નશોક,
ભલુ થયુ ભાગી જંજાળ, શુખે ભજીશુ શ્રીગોપાલ.
કુંવર બાઇ પછે મોટી થઇ, આણું આવ્યું સાસરે ગઇ
સસરો શ્રીરંગ મેહેતો નામ, સોદ્ધુ ઘર કહાવે બહુ દામ.
છે સાસરિયાંને ઘણું અભિમાન, ધનનુ તેઅતિ કરેરે ગુમાન;
નાણંદ જેઠાણી વાંકુ ભણે, કુંવર બાઇને દુબળી ગણે.
કહેશે આવો વૈશ્ણવની દિકરી, સાસરીયાં સઉ પાવન કરી;
ચેસ્ટા કરે સાસુ ગર્વભરી, કુંવર બાઇ નવ બોલે ફરી.
છે લઘુ વેશે નાનો ભરથાર, તે નવ સમજે વીવેક વાચાર
કુંવર બાઇને આવ્યું સીમંત, સાદર વાત ન પુછે કંથ. ૭૦
રૂપ દેખાં અતી વહુવર તણું, સાસરીયા મન હરખે ઘણું
કહે મેહેતો હરીનોછે દાસ, મોંસાળાની શી કરવી આશ.
વહુનો ઓરિયો વાતે ખરો, કાંઇક મોસાળુ ઘરથી કરો;
કુળગની દિકરી રાંકડી, આચાર કરી બાંધો રાખડી,

ન કહાવ્યું પીયર ન કોને કહ્યું, પંચમાસી તો એજ ગયું;
સીમંતના રહ્યા થોડા દન, કુંવરબાઇને થઇ ચીંતા મન.
આશિઆળી દીસે દામણી, વહુવર આવી સાસુ ભણી;
બોલી અબળા નામી શીશ, બાઇજી રખે કરતાં મન રીશ.
આપણો ગોર પંડયો ખોખલો, જુનાગઢ સુધી મોકલો,
મોકલો લખાવી કંકોતરી, તવ સાસુ બોલી ગર્વે ભરી,
કાં વહુવર તને ઘેલું લાગ્યું, મા મુઇ ત્યારે મહીયર ભાગ્યુ
તાલ વગાડીજે કીર્તન કરે, નાચી ખુદીને ઉદર ભરે,
દરીદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોશાળું કયાંથી કરે;
જે સગાથી અરથ નવસરે. શું થાય તને નોતર્યે.
મહેતાને વહાલુ હરીનું નામ, જોવા મળસે બધુ ગામ
વમને ડોશો મળવાનુ હેત અમો નાતમાં થઇએ ફજેત
તમારો સસરો લાજે બાઇ, વણ આવ્યે સરસે વેવાઇ
કુંવરબાઇ તવ આંસુ ભરી, સાસુ પ્રત્યે બોલ્યાં ફરી
બાઇજી એમ બોલતાં શું ફગો, દુર્બળ તોય પોતાનો સગો
અહીં આવી પાછા જાસે ફરી એવિસે મળશું બાપ દીકરી
સાસુને મન કરૂણા થઇ, પોતાના સ્વામીને પુછ્યું જઇ,
રહ્યા શ્રીમતના થોડા દહાડા, કુવર વહુ લેછે આડા,
લખી મોકલો કંકોતરી, મળવા દયોને બાપ દીકરી,
વેવાઇને લખીએ એક પત્ર, જેમતેમ કરતાં આવજો અત્ર
શ્રીરંગ મહેતો પરમ દયાળ, કાગળ એક લખ્યો તતકાળ
સ્વસ્તિશ્રી જુનાગઢ ગામ. જે હરી વઇશ્ણવનો વિશ્રામ
નાગરી નાત તણા શણગાર, સધુ સારો માગ પર નઉંદા
ભકતનાયક વઇશ્ણવના ધણી, સદા કૃપા હોય કેશવતણી;
સર્વોત્તમ જોગ કરૂણાધામ, મેહેતા શ્રીપંચ નરસૈં નામ;
અહિં વહુને છે કુશળ ખેમ, લખજો પત્ર તમો આણીપ્રેમ
એક તમામ ગ્રી તણા સમાચાર, અમારા ભાગ્યતણો નહીપાર
કુંવર વહુને આવ્યુ શ્રીમંત, અમ ઊપર ત્રુઠા ભગવંત

માઘસુદી સપ્તમી રવી વાર, મહુરત અમે લીધુ નીરધાર
તમો તે દીન નીશ્ચે આવજો, સગાં મીત્ર શાથે લાવજો
ન આણસો મનમાં આશક, તમ આવ્યે પામ્યાલખટંકઠ
ઉજળો સગો આવ્યે બારણે, સોનાનો મેરૂ કીજે વારણે
જો મહેતાજી નહી આવો તમો, ખરેખરા દુભાઇશુ અમે
આપ્યુ પત્ર રૂષિના કરમાંય, પંડયો ઓખલો કરયો વિદાય
કુવરબાઇએ તેડયા રૂશીરાય, એકાંતે બેશારી લાગીપાય
ત્યાં બેદહાડા પરૂણા રહેજો, મહેતાને સમજાવી કહેજો
કાંઇ મોસાળુ સારૂ લાવજો, સંપત હોયતો ઇહા આવજો
કાંઇ નામ થાયનો પ્રથવી તળે, સાસરીયાંનુ મેણુ ટળે
જો અવસર આ સુનો જશે, તોભવનુ મેણુ મુજને થશે
બોલ બાણ નણદી મારસે, શતરનુ કામદીયર સારસે;
રખે નાગરી નાત્યે કઉતક થાય. તમારેમાથેછે વઇકુઠરાય
પંડયો ઓખલો કીધા વિદાય, સદ પોત્યા જુનાગઢમાંય.

વળણ.

જુનાગઢમાં રૂષિજી આવ્યા, મેહેતો લાગ્યા પાયરે,
સ્તવન સ્તુતી પુજા કરી. પછે માંડીવાત સુખદાય,

કડવું ૪થુ રાગ ધનાશ્રી

ઓખલે પંડયે પત્રજ આપ્યુ, મેતાજીને હાથજી,
વધામણી કાગળમાં વાંચી, સમરા વઇકુઠ નાથજી,
મામેરૂ પુત્રીનુ કરવુ, ઘરમાં નથી ખોટો દામજી,
ત્રીકમ તેવડમાં રહેજો, દ્રવ્ય તણુછે કામજી
ભોજન કરાવી દક્ષણા આપી, મેતો લાગ્યા પાયજી
મોસાળુ લઇ અમો આવશુ, પંડયો કીધા વિદાયજી
નરસઇમેતે ઘેર તેડાવ્યા, સગા વેરાગી સંતજી
મોસાળુ લઇ આપણે જાવુ. છે કુવરબાઇને શિમંતજી
જુની વેલને ધુસરી વાંકી, સાંગી સોટા ભાગીજી,
કોનાતણાવાને કોનીપિંજણીઓ, બળદ આણ્યા બે માગીજી

મહેતાજી મામેરે ચાલ્યા; સમરયા શ્રીજગદીશજી
ત્રણ સખીઓ સંગાથે ચાલી, વેરાગી દશ વાસજી
સંપુટ ત્રાંબાનો દાબડીનો, તેમાં બાળ મુકુંદજી,
કંઠે હાર કરીને રાખ્યા, દામોદર નંદ નંદજી
વેલની પુઠે કોથળો બાંધ્યો, માંહિ ભરયાં વાજીત્રજી
ગાંઠડીએક ગોપીચંદનની, તુળસી કાસ્ટ પવીત્રજી
મોસાળાની સામગ્રીમાં, તિલકને તુળસી માળજી
નરસઇયાને નીરભયછે જે, ભેળાવસે ગોપાળજી,
બળહીણા બળદો શું હીંડે, ઠેલે વઇસ્ન સાથજી,
સોળ પાડેને ઢાળ ચઢાવે, જેજે વઇકુંઠ નાથજી
એક બળદ ગળીઓ થઇ બેઠે, આખલો તાણી જાયજી
પડયાને પુછ ગ્રહી ઉઠાડે, કઉતક કોટી થાયજી
સાલે સાલ જુજવાં દીસે, રથ તણાં બહુ વકજી
સાંગીનો બહુ શબ્દજ ઊઠે, ચુચવેછે બહુ ચક્રજી
ચડે બેસેને વલી ઉતરે લે, રામકૃસણનુ નામજી
મધ્યાંને મહેતાજી આવ્યા, જોવા મળ્યુ ઉના ગામજી
શુ જાણે વઇસ્ણવનો મહીમા, વીજયપુરના લોકજી
કોંડ પોત્યા કુવદ વહુનાં મામેરૂં છે રોકજી

વલણ

રોક મામેરૂ મેતા લાવ્યા, જુઓ વઇસ્ણવની વસાતરે
અકેકી માળા આપસેતો, પહરસે નાગરો નાતરે

કડવું ૫મું રાગ આશાવરી

સુણી શ્રીરંગ-મેહેતો આવ્યા ધાઇ, ભાવે ભેટયા બે વેવાઇ;
મળ્યો જમાઇ જમાઇનો ભ્રાત, મળ્યો સહુકો નાગરનોસાથ
કપટે ભેટા પાછાં ખસે, જોઇ જોઇ સામગ્રીને હસે;
ઉતરવા ઘર આપ્યું એક, ઝાઝા ચાંચડ મછર વશેક.
ખાડા ટેકરા વશમો ઠામ, ઉપર નાળીયાનું નહિનામ;
કોહ્યું છાજને જુની વળી, ભીંત્યો દશદિસે બેવડ ઢળી,

ઝાઝા માંકણ ઝાઝા જુઆ, ત્યાં મેહેતાના ઉતારા હુવા;
દેવાઇ ગયા ઉતારા કરી, બોલે હસણી નાત્ય નાગરી.
કુંવરવહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરિને ખોઇએ પાપ;
મેહેતાને જોવા હરખે ભરી, ઘેરેઘેરથિ ચાલી સુંદરી.
મન વિના મેહેતાને નમે, મારૂં થયું જે આવ્યા તમે;
માંહો માહે કહે સુંદરી મેહેતો દીઠે દીઠા હરી.
જુઓ સાથ કેવો કુટડો, એને પરમેશ્વર તુઠડો;
કુંવરવહુનું ભાગ્યું દુઃખ, એવું કહીને મરડે મુખ.
જુઓ બળદ મે તાજી તાણા, બગાઇઓ શબ્દ કરેછે ઘણા;
વજાડશે મંડપમાં ચંગ, નાગરી નાતમાં રેહશે રંગ.
આ ગાંઠડિ વળગાડિ લટકે, તાળનાં જોડાં બાંધ્યા પટકે;
તુળશિ કાષ્ટ તણો એ ભારો, હવે માંમેરાનો શો ઉધારો.
છાબમા તુળસી મુકશે, ઉભો રહીને શંખ ફુંકશે;
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોશાળું પુરૂં થાશે.
એમ નાગરી કૌતક કરે, ટોળ કરાને પાછી ફરે,
કુંવર બાઇયે જાણી વાત, મોસાળું લેઇ આવ્યા તાત
ઊતાવળી મળવાને ધશી. બોલી નાણંદી મરમે હશી;
આ શું પિતા પુત્રીને હેત, શાને કરવા આવ્યો ફજેત,
લજાવ્યું સાત પેઢિનુ નામ, સાથે વેરાગીનું શું કામ;
શું મળવા ચાલ્યાં એકલાં, બાપ એવિ ન બાપાં ભલા.
કડાણ બોલ એવો સાંભળી, કુંવરબાઇ બોલિ પાછી વળી;
નણંદી શું મછર આવડો પુંઠળથી બાઇ શું બડબડો,
સુખી પોતા હશે જે તણો, તે પુત્રીને લાભજ ઘણો;
કોનો પિતા લખેશરિ કહાવે, તેતો મારે સેખપ આવે.
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું શોનાનો મેર;
તમે મન માને તે કહો, એ પિતા મારે જીવતો રહો.
મર્મ વચન નણદિને કહી, પછે પિતાપાસે પુત્રી ગઇ;
દુર થકી દિઠી દીકરી, મેહતાયે સમર્યા શ્રી હરી.

અન્યો અન્યે નયણાં ભરી, ભેટયાં બેઊએ આદર કરી
મસ્તક ઉપર મુકી હાથ, પાસે બેસારિ પુછી વાત.
કુંવર બાઇ કહે કુશળ એમ. સાસરિયાં કાંઇ આણેછે મેમ.
રૂડો દિવસ આવ્યો દીકરી, તો મોશાળું કરશે હરી.
કુંવર બાઇ બોલી વીનતી, મોશાળું કાંઇ લાવ્યા નથી;
નાગરિ નાત્યે રહેશે કેમ લાજ, વીના દ્રવ્ય આવ્યા શે કાજ
નિરમાણ્ય નિરધનનો અવતાર, નિરધનનું જીવ્યું ધીક્કાર;
નિરધનને કોઇ નવ ગણે, નવ રાખે ઊભો આંગણે. ૧૯૦
ચતુર પણું નિર્ધનનું જેહ, ઘેલા માંહી ગણાયે તેહ;
લોક બોલાવે દુર્ભગ કહી, એથિ પિતા કાંઇ માંઠું નહી
પિતાજી કાંઇ ઉદ્યમ ન કરો, ધનનો નવ રાખો શઘરો;
આ અવશર શચવાશે કેમ, પિતાજી તમે વાચારો એમ.
નથી લાવ્યા કંકુની પડી, નથિ લાવ્યા મોડ નાડા છડી
નથિ માટલી ચોળી ને ઘાટ, એમ શુ આવ્યા બારેવાટ;
કેમ કરી લજ્જા રહેશે તાત, હું શે ન મુઇ મરતે માત
માય વિના સુનો શંશાર, માય વિના તે સો અવતાર.
જે બાળકની માતા ગઇ મરી, બાપની શગાઇ શાથે ઉતરી
જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત ૨૦૦
સુરભી મરતાં જેવું વછ, જળવિણ જેવું તલફે મછ;
ટોળા વછોઇ જેવી મ્રગલી, મા વિના દીકરી એકલી.
લવણ વીના જેવુ ફીકુ અન્ન, ભાવ વીના જેવુ ભોજન;
કીકી વીના જેવુ લોચન, મા વીના એવુ બાપનુ મન;
ઘડો ફુટે રઝળે ઠીકરી, મા વીના એવી દીકરી;
ગોળ વીના મોળો કંશાર' માતાં વીના સુનો શંશાર
શીદ કરવા આવ્યા ઊપહાશ, શાથે વેરાગી પચાશ;
શંખ તાળ ને માળા ચંગ, એતે મોશાળું કરવાના ઢંગ
ન હોય તો પિતા જાઓ પાછા ફરી, એવું કહીને રોઇ દીકરી
મેહેતે મસ્તક મુકયો હાથ, કરશે મોશાળું વૈકુંઠનાથ૦ ૧૨.

પેહેરામણી કરવી હોય જેટલી, આશામી લખિ લાવો તેટલી;
લખજો સાશરિયાં સમસ્ત, વિસારશો માં એકે વસ્ત.
વચન મેહેતાજીના સુણી, કુંવરબાઇ આવ્યા સાસુ ભણી;
મારે પિતાયે મોકલી હુંય, લખો કાગળમાં જોઇએ શુય.
મુખ મરડીને બોલી સાશુ. શો કાગળ ચિતરવો ફાંસુ;
છાબમાં તળસિદળ મુકશે, ઉભા રહિને શંખ ફુંકશે.

વળણ

ફુંકશે શંખ ઊભા રહી, નરસિંયો મોસાળું શું કરે;
સંવાદ વહુવરનો સાંભળી, પછે વડસાસુ એમ ઓચરે.

કડવું ૭ મં રાગ સામેરી.

વડસાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં પરમ વચન વહુજી;
વડીવહુવર તમેં કાંઇનવ જાણો, છે મેહેતો વૈસણવજનવહુજી.
જેને સ્નેહ સામળિઆ સાથે, તેને શાની ખોટ વહુજી;
પેરામણી મન ગમતી માગો, કરો નાગરી ગોઠ વહુજી.
કુંવરબાઇને કાગળ આપ્યો, લખો લખાવુ જેમ વહુજી;
રૂડો વેવાઇ જ્યારે આંગણે આવે, તો કોડ ન પોચેકેમવહુજી
લખો પાંચશેર તો કંકુ જોઇએ, શ્રીફળ લખો સેસાંત વહુજી
વીશમણ વાંકડિયાં ફોફળ, મળશે મોટી નાત વહુજી;
પાંચ વસ્ત્રના પચવિસ વાગા, ચાર ચોકડી તાસ વહુજી.
લખો પછેડી પદર કોડી, પટોળી પચાસ વહુજી;
સાઠેક મુકટા ને સોયક સણિયાં, ચીર લખો ચાલીશ વહુજી.
ધોતીયાં તો બ્રાહ્મણને જોઇએ, તે લખો કોડી ત્રીસ વહુજી;
જરકશીની સાડી રેશમી, લખો કોડી ચાર વહુજી.
સાદા સાડીઓ લખો ત્રાણશે, છાયલ લખો સેંચાર વહુજી;
ઘરસાડી લખો દસ વીસ કોડી, સોળ કોડી લખો ઘાટ વહુજી;
છીટ મોરવી ટુકડી સોએક, નવ કુંડી લખો નાટ વહુજી.
મશરૂ ગજીયાણી દરિયાઇ, લખો થાન પચાશ વહુજી.
હજાર બારસેં લખો કાપડાં, લોક કરે બહુઆશવહુજી;

સોળસે લખો શેલાં શાળુ, તેલ પાનનો સો આંક વહુર
એ આશાગ પડતુ મેં લખાવ્યું, બાપ તમારો રાંક વહુજી
તમને સોલ શણગાર ઘડાવે, બાપ લડાવે લાડ વહુજી
ઘટે જમાઇને શોના શાંકળાં, તેમાં અમને સો પાડ વહુજી
સહસ્ર મહોર સોનાની રોકડી, કહેતાં પામે ક્ષોભવહુજી
ઘરડાં અમેમાટે ધરમ લખાવ્યુ, નમળે ઝાઝો લોભ વહુજી
એ લખ્યાથી અદકુ કરાતો, તમારા ઘરનાં લાજ વહુજી
તવ મુખ મરડી નણદી બોલી, શિધ્ધ થયાં શર્વ કાજ વહુજી
ભારે મહોટા બે પહાણ લખાવો, જેમેતાથી અપાય વહુજી
ડોશી કહે સો શોર કરોછો, લખતાં તારૂ શુ જાય વહુજી

વલણ

શુ જાય લખતાં આપણુ, વડશાશુ વિકરાણુ,
કુવરબાઇ ચિંતામાં પડીં, શુ થાસે ગોપાળરે,
કડવું ૮મુ રાગ મારૂ

ડાટ વ લ્યોરે ડોસીયે ટાટ વાળોરે
વડશાશુ વેરણ થઇ મારી, હરખ હઇયાનો ટાલ્યોરે, ડોશીયે
મીઠા વચનનીને થોડા બોલી હીંડે હરીગુણ ગાતીરે ૨૫૦
પરમારથી થઇ પત્ર લખાવ્યું, મનમાં મોટા કાતાં; ડોશાયે.
કાગળ લેઇને કુંવર બાઇ આવ્યાં પીતાકેરે પાસેરે;
વઢશાસુયે વિપરીત લખાવ્યું, કહો હવે શું થાશે; ડોશીયે.
લખેશ્વરીથી ન પડે પુરૂં, એવું માહિં લખાવ્યું રે;
શાધુવિતાને માહા દુઃખદેવા, મારે શિમંત શાને આવ્યું; ડોશીયે
શહસ્ર મહોર સોનાની રોકડી, વલ્લાણું નહિ લેખું રે;
તાતજી હુતાં તમારી પાસે. કોડી એક ન દેખું. ડોશીયે.
પીતાજી તમો પાછા વધારો, અહિં રહયે લજ જાસે રે;
મેહેતોજી કહે પુત્રી મારી, રહો તમે વિશ્વાસે ડોશીયે રૂડુ કીધુરે
આપણું કારજ શિધ્યું, ડોશીએ રૂડુ કીધુરે ૨૬૦
શામળિયો આવશાર નહિ ભુલે, તું કાં આંસુડાં પાડેરે

મોહર કાંઈ નથી દાડલો, નહિ કાંઈ કરજે કાઢે. ડેશીયે
કુંવરબાઈ તમે ઘેર પધારો, આપણું એમાં શું જાસે રે;
જો મામેરૂ હરી નહિ કરે તો, ઉપહાસ એનો થાસે; ડોશીયે
પંચાળીનાં પટકુળ પુર્યાં, નવસે ને નવાણું રે;
તે રીતે મામેરૂં કરસે, તું થવા દને વાહાણું; ડોશીયે.
. . શા રૂદેમાં રાખો તમો, છો વૈષ્ણવની બાળરે;
આપણુ એ પ્રતિપાલણ કરસે, શામળિયો ગોપળ; ડોશિયે.
હઈડે હેત દિકરીને આવ્યું, સુણી તાતની વાણીરે;
કુંવરબાઇ ફરિ મંદિર આવ્યાં, વિશ્વાસ ઉરમાં આણી. ડોશિ

કડવું ૮ મું રાગ ગોડી.

જોજોરે કઊતક કળી જુગનાં, વઇશાણવનિ ચેષ્ટા થાયરે
વાંકા બોલી નાત . ાગરી, સેજે બોલે અન્યાયરે
ભોજન કરવા મેહેતાજી ઊઠયા, શાથે બહુ વેરાગીરે
ટોળે મળે શઊ નાત નાગીર, જોઇજોઇ હશાવા લાગીરે
ચીરંગ તિલક ને તુળશીની માળા, છાપો અંગ બારાજેરે
વેવાઇના રૂપ જુઆરબાઇઓ, કોટિક કંદરપ લાજેરેકઊ,
મલાર ગાસે નહાતી વેળા, વરસસે વરશાદરે
પરશાદ કરતાં થાળ ગાસે, જમસે જાદવ નાથરે કઊ
શ્નાન કરી શઊં નાગર બેઠા, જેને જેશુ મળતુરે
મેહેતાજીને નાહવા અરથે, જળ મેલ્યુ કળ કળતુરે કઊ
જેમ તલ કડકડતાં ઊનાળી સુખનવાને તાગવારે
તેમ વેવાણે જળ ઊંનાવ્યુ, મેહેતાજીને છાગવારે કઊ.
ઊંગણોદક ઊનુ દેખીને માગ્યુ, મેહેતે ટાઢુ પાણીરે;
મરમ વચન મુખ મરડીને બોલી. કુંવર બાઇની જેઠાણીરે
માગ્યા મેહ વરસે મેહતાજી, તો અમ પાસે સુ માગોરે
બાજઠે બેઠાં તાળ મંગાવી, બોલ રૂદેમાં વાગ્યોરે. કઊતક.
સમરણ કીધું શામળિયાનું. આળાપ્યો રાગ મલારરે;
નાગરી લોક જોવાને મળિયા, બોલે વંગ ઉચ્ચારરે કઊતક.

કડવું. ૧૦ મું. રાગ સોરઠ મલાર.

મેહેતાજી બેઠા બાજઠે, સમર્યા શ્રી ગોપાળ;
મલાર ગાયો પ્રીત્ય શું, હાથે વજાડિ તાળ. મેહેતાજી.
ઉપહાસ થાય તારા દાસનો, શામળા કરો સહાય;
ઉશ્ણોદક અતિ ઉકળ્યું, ફાટિ શ્રીફળ જાય. મેહેતાજી
જેમ કઢા ઉકાળી તેલની, કોયો હંસધ્વજ રાય;
તારી કૃપાએ ટાઢું થયું, ઉગાર્યો સુધન્વાય. મેહેતાજી
હુંડી સકારી તેં શામળા, રૂડો સંભાળ;
તે વિશ્વાસે વળગી રહયો, મોકલો વરસાત. મેહેતાજી.
સમોવાણ નહી આપો શામળા. કરશો મામેરૂ કયમ;
વિનતિ નરસૈયાની સાંભળી, પ્રેર્યા ઘન પરિબ્રહ્મ. મેહેતાજી
પળમાંહિ આભે ઘટા થઇ, ચોદશ ચઢયો અંધકાર;
ગગન વિષે ઘન ગડગડે, થાય વીજ ચમકાર, મેહેતાજી
ઊડે કોરણ બહુ કાંકરા, વરશે મુશળધાર;
વેવાઇના ઘરમાં જળ ઘણુ, કરે લોક પોકાર. મેહેતાજી.
સર્વ નાગરિયો પાયે પડે, ક્ષમા કરો અપરાધ;
અમો અજ્ઞાને ન ઓળખ્યા, તમે શિરોમણિ સાધ. મેહેતા૦
શ્રીરંગ-મેહેતા સ્તુતિ કરે, વેવાણે માગે માન;
વરસાદ વીસરજન થયો, કીધું મેહેતાએ સ્નાન. મેહેતા૦
ઠગ નાગર કહે થયું માગ્યું, એમ થાય ઘણી વાર;
પ્રતિત ન પ્રત્યક્ષ પારખે, કળીજુગનો પ્રકાર. મેહેતાજી

ઊઠલો.

મેહેતાજી ભોજનને બેઠા કરમાં લીધી તાળ
ટોળુ વેરાગી તણુ તેણે ગાતા માંડી થાળરે

કડવુ ૧૧ મુ રાગ શાનેરી

મેહેતે ગાઇ પ્રશાદની થાળી આરોગાવ બેઠા શ્રી વનમાળી
લીધો પ્રશાદ પુરાણ પ્રીતે, પછે શું થયું રજની વીતે.

—— ·o✻o ——

ઢાળ.

વીતી રજની કીર્તન કરતાં, થયો પ્રાતસકાળ રે;
કુંવર બાઇ આવ્યાં પીતા પાસે, હવે મોશાળાની કરો ચાલરે
મેહેતાજી કહે પુત્રી જાને, શગા શઉને તેડા કરો
વિશ્વાશ આણી મંડપમાંહે, એક છાબ ઠાલી જઇ ધરો;
જ્ઞાત શગાં શહિત પધરાવો, સર્વ કુટુંબ પરિવારજી;
છે વાર જ્ઞાત મળ્યાતણી, નથી મોસાળાની વારજી.
કુંવરબાઇ કહેતાજી, મને કેમ આવે વિશ્વાસ;
ઠાલી છાબ હું કેમ ધરૂ, થાય લોકમાં ઉપહાસરે. ૩૨
મેહેતાજી કહે પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી,
તારે મારે ચિંતા શાની, મોસાળું કરશે શ્રીહરી.
મર્મવચન શુણિ તાતનું, સાસુ કને આવી વહુ;
મારો પિતા મોસાળું કરેછે, સગાં મિત્ર તેડો સહુ.
ઓંખસેપંડે તેડાં કીધાં, મેળવ્યું બાધું ગામ;
વેવાઇ વરગ એણીપેરે બોલે, મેહેતો મુકીને જાશે મામ
મંડપમાં મેહેતોજી આવ્યા, હાથ ગ્રહીને તાળ રે;
નાગર સઊ ઉભા થઇ, કહે પ્રમે જે ગોપાળ રે.

વળણ.

મંગાવી એક છાબ ઠાલી, તે ચોકમાં આણી ધરી;
મેહેતાજીએ શંખ પુર્યો, વિનતી શ્રીહરિની કરી. ૩૩૦

કડવું ૧૧ મુ. રાગ મારૂ.

મેહેતે વજાડયો શંખ, સમર્યા વનમાળી; લાગ્યાં હે સવા ચારે વહિ; માંહોમાહિંદે તાળી. મોસાળાના ઢંગ, વેવાઇયે માંડયા; નાગરના વેહેવાર, એણે સરવ છાંડયા. છાપાંતિલક ને તાળ, જુઓ તુળસી-માળા; નર સૈયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા. જોવા મળિ નાગરી નાત્ય, બહુ ટોળે ટોળાં; મુખ મરડી કરે વાત, આપશે ઘરચોળાં. બહુ નહાંનાં મોટી નાર,

મંડપમાં મળીઃ કરે વાંકી છાંની વાત, સાકૂર પેંગળી. મેહેતાને કરે જેશ્રી કૃષ્ણ, હસિ પરૂં જોતી; મુખ ઉપર લળકે સાર, વેસરનાં મોતી. સજ્યા સોળ સણગાર, ચરણા ને ચોળીઃ જોબન મદભરિ નાર, કરે બહુ ઠં ઠોળી. કાંને ત્રાટિ જડાવ, ગળસ્ગળી ચળકે છે; જડાવ ચૂડો હાથ. કંકણ ખળકેછે. શમિ રહી ઓઢે ચીર, સણગટ વાળેછે; અણિયાળાં લોચન, કટાક્ષેભાળેછે. છુટે અંબોડે નાર વેણી લાંબીછે ઝાંઝર ઝમકે પાય, કડક્ષા લાંબાછે કેસર તિલક વિશાળ ભાલે કીધાછે; કો ઇએ નહાનાં બાળ, કેડે લીધાંછે કોઇ જોવા હાલીછા બ અબળા ઊઠેછે કોઇ વહુ વારૂ લજવાળ નણદી પુઠે છે. કો શીંખવી બોલાવે બાળ વારી રાખેછે કો વાંકા બોલી નાર વાકુ ભાખેછે એવાં કઊતક અનેક સહુકો દેખેછે સહેજે બોલે અન્યાય હરિને લેખેછે કુવરવહુંના બાપ કરસે મામેરૂ હુ લઇસ પટોળી સાર શાડો નહિ પેરૂ. વઇસણવને શો ખોટ કોટે માળાછે વેહેવારીયાદ શ વીશ ટોથી વાગાછે કુવર વહુ ધન ધન પીયર પ નોતીછે બાપે વગાડયોશંખ શાદર પોતાછે વાંકા બોલા વિપ્ર બોલે ઊપહાશે મુકો છાબમાં પહાણ વાચે ઊડી જાસે મુકયો દિકરીયે નિસ્વાસ આવિપિતાપાશે ગહેલો કીધો શાન રહેજે વિસવાશે.

વલણ

વિશ્વાસ રાખો દીકરી કરમાં લીધી તાળરે,
કાગળ મુકયો છાબમાં મહેતે સમરયા શ્રીગોપાળરે

કડવું ૧૨ મુ રાગ શારંગ

ઠાલી છાબમાં કાગળ ધરી નરસિંમેહેતે શમરયાહરી;
વેરાગી સરવ પુઠે ગાય નાગરને મન કઊતક થાય;
વાંકા વચન બોલે વેદીઆ મેહેતો માધવમાં ભેદીઆ

જુઓ છાણમાં મુકયુસાર. ઓ દિસે કમખાનીહાર.
તે બોલ અંતર નવ ધરે, મહેતો સ્તુતી માધવનીકરે;
જય હામો દર બાળ મુકંદ, નરક નિવારણ નંદ નંદ.
વિશ્વંભર વંદાવનચંદ, દેવકીનંદન આનંદ કંદ;
ગોપિનાથ ગોવિંદ ગોપાળ, જય બંધુ દિન દઆળ
હુ શેવકની લેજો સંભાળ, મોસાળાનાં કરજો ચાલ
મુખે કીરતન હાથે તાળ, નાત નાગરી બોલે આળ,
છે દોહલો લોકાચાર લજા રાખજો આણીવાર;
મારો સેઠ તુ નંદકુમાર, સુ કરસે પાપી સંશાર.
તમો પ્રતિપાલ પોતાના દાસ, માટે મુજને છે વિશ્વાસ.
અમરીસનો નીવારયો ત્રાસ, તમે ભોગવ્યાછે ગરભવાશ;
લીધો મછતણો અવતાર, શંખાસુરનો કીધો સંહાર;
કમઠ રૂપ ધરયુ મોરાર, રતન ચઊદે કાઢયાં બહાર.
મારયો હિરાણાક્ષ મહા પાપી, ધરણી સ્થીર કરીનેસ્થાપી;
અજામેળ સરખો મહાપાપી, પુત્રને નામે પદવીઆપી.
પ્રલાદનો દોહલી જાણી વેળા, પરમેસ્વર પ્રગટથયા વહેલા
ધ્રૂવનો જન્મ મરણભય હર્યો, અવિચળ પોતા સરખોકર્યો.
પોપટ પઢાવતી પુંશ્ચલી, વૈમાને બેશિ વૈકુંઠ વળી,
તમો ઉછિષ્ટ આરોગ્યા બદરી; તોતો પરમ ગતિપામીશવરી.
લગાર ચરણ નમાવ્યું શીશ, વિભિષણ કીધો લંકાધીશ;
તાર્યો કુટંબ સહિત તે માછી, નવ પામ્યો જન્મ પીડાપાછી.
છો દોહીલી વેળાના સાથી, તમે ગ્રહથી મુકાવ્યો હાથી;
બટુક વેષ થયા વામન, જાતું રાખ્યું ઈદ્રાસન.
તમે પંચાળિનું દુખ જાણ્યું, પુર્યાં ચીર તે નવસેં નવાણું.
કૌરવથી જીતાડયો પારથ, કુરૂક્ષેત્રમાં હાંકરથાચે.
રૂકમાંગદ તાર્યો સંસાર, હરિચંદ્રની કીધી વાર;
શખા પુજતો રાજકુમાર, ચંદ્ર હાસ રાખ્યો ત્રણવાર.
તમે સુધન્વા બળતો રાખ્યો. જો પિતાયે કઢામાં નાંખ્યો;

વેહેરતાં નવ રોચો રજ, મુકતી પામ્યો મુરધ્વજ.
ખાંડર વન ખગ લીધાં રાખી, ગજઘંટા તે ઉપર નાંખી.
વીદુરનિ આરોગ્યા ભાજી, તેનિ પ્રીતે થયા તમો રાજી;
સુદામાંના લેઇ તંદૂલ, નવનિધ આપી તેં અમુલ્ય;
મદ મઘવાના મનનો હર્યો, લીલાયે ગોવર્ધન ધર્યો.
દાવાનળ પીધો જદુરાય, બળતા ઉગાર્યા ગોપી ને ગાય;
કુબજાની લીધી અરચા, તમે લોકતણી સાહી ચરચા.
અનાથ બંધુ દીનદયાળ, હું સેવકની લેજો સંભાળ;
તમો છો દામોદર દક્ષ. હું સરખા સેવક છે લક્ષ.
મારે એક તમારી પક્ષ, પરમેશ્વર થાજો પ્રત્યક્ષ;
મારે માથે દુખના વ્રક્ષ. તથા લાજે તમારી પક્ષ.
ધનવંત છે નાગરિ નાત્ય, તેમાં દુર્બળ મારી જાત્ય;
દુખે દમાય તેત્રીશ ક્રોડ, કલ્પવ્રક્ષને લાગે ખોડ.
શોભા વૈષ્ણવની જો ગઇ, કળા તમારિ જાંણી થઇ;
મને અગાં થઇ લાગ્યા જમ, તમને નિદ્રા આવે કયમ.
સગાં સૌ બેસાર્યા આણી, પુત્રીના કરમાંહિ પિગાણી;
છે કંકુવોણી કંકાવટી, પુત્રીને થાય ચટપટી.
મધ્યાન્હ ઉપર થઇ બે ઘટી, વેહેલા આવો તેળા વટી;
કુંવરબાઇ તારે આશરે, હું દુર્બળથિ અર્થ ન સરે.
શું સૂતો વૃંદાવન માંય, ત્યાં શુ રાધાજી ચાંપેછે પાય;
લલિતા વિશાખા ચંદ્રાવળી, તને ઉત્તમ નારી કો મળી
રંગમાં જાગ્યે શરવરી, તેણે ભક્ત ગયો વીસરી;
જાગી જોરે જાદવ પતિ, સાંભળ સેવકની વીનતી.
કબીરને જેમ કરૂણા કરી, સનર્યે દર્શન દીધું હરી;
ભકત એક નામે દામોદરજી, તેનું પય પીધુ તમે હરજી.
ત્રિલોચનનું મહા દુખ હરયું, સેવક થઇને પાણી ભરયું;
અભેદાન કોળીને દીધું, મીરાંબાઇ તણુ વિષ પીધુ.
સેના માટે નાપિક થયા. પતન કરવાને પ્રભુજી ગયા;

હું તમને કદિ નવ સંભારતો, લાવતો ઘાસ મહિષી ચારતો,
નવ જાણતો ઘોળાપર કાળો, ભાભીએ મને કીધો ગોવાળો;
સદાશીવે મને કીધો દાસ, દેખાડયો મને અખંડ-રાસ.
મેં જોયો તમારો વિલાસ, તેવો મેં કીધો અભ્યાસ;
લોક બોલે મને ઉપહાસ, મારે મન તારો વિશ્વાસ.
બોલાવીએ પોતાનો કહી, તેને ત્રીકમ તજીયે નહી;
ખિચડો જમાડવા આવ્યા નાથ, હું માટે કીધા પચ હાથ
હું મધ્યરાતે તરશો જાણી, ઝારી લેઇને પાયું પાણી;
મને સાચો કીધો કોટિવાર, હુંડી સકારિ શ્રી મોરાર.
તમો તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સોનૈયે ભરો;
જો નહિ આવો સુંદરશામ, તો મુજ નાગર સાથે કામ;

વળણ.

નાગર સાથે કામછે, સમજી લેજો વાતરે;
શુણિ નરસૈ વીનતીની, ઉઠિ ધાયા વૈકુંઠનાથરે.

કડવું. ૧૩ મું. રાગ પ્રભાતી.

ઉધડકી ઉઠિયો વેગે વૈકુંઠપતી, ગરૂડ કયાં ગરૂડ કયાં
વદત વાણી; ચાલ્ય ચતુરા ચતુર ભૂજભણે ભામની,
નષ્ટ નાગરે મારી ગત્ય જાણી; ઉ.નરસૈયો નાગરો
ભકત તે માહરો, છાબ ભરો તેની શીઘ્ર થાઓ; જન
ઘણા હઠ કરે ગયા વિના નવસરે, રિદ્ધિ સિદ્ધિ લેઇ
સખિ અગ્ર જાઓ; ૩. ૪૫૦ હાથ હેમ સાંકળાં, નંગ
બહું નીરમળા, શુભ શણગાર જઇઅંગસારો; રીતને
ભાત્ય રોકડ રખે વીસરો, દીન થઇ કરગરે દાસ મારો;
ઉ, ચીર ચરણા ઘણા હોય ચતુરે વણ્યા, અધિક એક
એકથી મુલ્ય જાણો; સ્વપને કો નવપડે નામ કો
નવજડે, અંગ આળસ તજી તેહ આણો; ઉ.ઈંદ્ર બ્રહ્મ
જેનો પાર પામે નહીં, માગે મુખ બોલતા વદત વાણી;
૪૬૦ નાથ લક્ષ્મીતણા એણીપેરે આવિઓ, અગણિત

ગાંઠડી સંગ આણી; ઉ.

રાગ મારૂ.

ભકત નરસૈયાનું દુખ જાણી રે. ઊઠિ ધાયા પુરૂષ પુરાણી રે; થયા શેઠ તે શારંગ પાણી રે. શાથે લક્ષ્મી થયાં શેઠાણી રે. નંદ સુનંદ ગરૂડ સાથે રે, વસ્ત્ર ગાંઠડિયો તેન માથે રે. રથે બેઠા શ્રી ગોપાળ રે, ધમકે ધોરીને ઘુઘરમાળરે ૪૭૦ લોકે ઓળખ્યા નહિ જગદીશરે, શાથે વાણોતર દશવીશરે; શર્વેજોઇ જોઇ વિસ્મય થાય રે. પ્રભુ આવ્યા મંડપમાંય રે. છડીદારે વાટ મુકાવી રે, નાગરિ નાત જોવાને આવીરે; આ વેહેવારિયો કોઇક આવ્યો રે, સાથે ગાંઠડિયો ઘણી લાવ્યો રે. કોઇ નવ જાણે ત્રિભુવન ભુપરે, વહાલે લીધુ વણિકનું રૂપરે; રથ ઉપરથી ઊતરિયારે, હરિ સભા માંહિ શાંચરયારે. ખટદર્સને ખોળ્યો ન લાધેરે, જેને ઊંમયા-વર આરાધેરે; ન જડે જ્ઞાને ધ્યાને બહુ ગાયેરે, તે હરિ અણવાણે પાયેરે. જે ચૌદલોકના મહારાજરે, મેહેતા માટે થયા મેજાજરે; વાઘો શોભે કેસર છાંટેરે, બાંધી પાઘડી અવળે આંટેરે. કાને કુંડળ હીરે જડિયારે, નેત્ર પ્રલંબ શ્રવણે અડિયાંરે; એક લેખણ કાને ખોસીરે, નામ ધરૂ દાશી દામોદરરે. ઝીણા જામાને પટકા ભારેરે, હરી હળવે હળવે સધારેરે; ખાંધે પછેડી ઓઢી નાથેરે, બેઉ છેડા ગ્રહ્યા છે નાથેરે. વિંટી વેઢ દશે આગળીયેરે, સાદા મોજાં પેહેર્યાં સામળિયેરે; ઘણા વાણોતર છે સાથેરે, કોણે ઝાળો ગ્રહયોછે હાથેરે, ઘણા સેવક સેવામાં હજરે, ઉદ્ધવના હાથમાં ગજરે; પ્રભુ પુઠે કમળા રાણીરે, સહુ સભાયે જોયાં સેઠાણીરે ઉતર્યા નાગરિયોનાં અભિમાનરે, જાણે ઊગ્યા શશિયર ભાંણરે;

ભલું ભાલ ભમર રૂડી રાજેરે, રત્ન જડિત્ર રાખડી છાજેરે, વિશાળ લોચન ચંચળ ચાલેરે, કે શું અંજન પડિયાં જાળેરે; છે અધર બિંબ પરવાળીરે, મસ્તક ઊપર વેણ વિશાળેરે. બાજુબંધ ગલુબંધ માળરે, નકવેશર ઝાકઝમાળરે; કટી ધમકે ક્ષુદ્રઘટાળીરે, પેહેરણ જે પંચરંગી ફાળીરે. ઝમકે ઝાંઝર ઉજ્વળ પાગેરે, વિછુવા અણવટ બહુ વાગેરે; જડાવ ચુડો હાથમાં કહાવેરે, માયા મેહેતી રૂપે આવેરે. મોહી સભા લક્ષ્મી નરખીરે; લલિતા વિશાખા બે ખવાસીરે, છે ભુક્તિ મુક્તી ચારે દાસીરે, આવ્યા સજોડે દેવાધિ દેવરે, મેહેતે હરિ ઓળખ્યા તતખેવરે; ભલે આવ્યા શેઠ શામાળયારે, મેહેતો માધવજીને મળિયારે. મળતાં બોલ્યા સુંદરશામરે, મારૂં પ્રગટ ન લેશો નામરે; રખે વાત અમારી ચરચોરે, તમારે જે જોઇયે તે ખરચોરે, કુંવરબાઇના પુરો કોડરે, એમ કહિ બેઠા રણછોડરે; પછે સભા સહુ સાંભળતાંરે, હરિવચન બોલ્યાછે વળતાંરે. જાઓ શેઠાણી દુખ કાપોરે, કુંવરબાઇને રૂદિયા શું ચાંપોરે; એવું કહેતામાં કમળા હીંડયાંરે, કુંવરબાઇને રૂદિયાશું ભીડયાંરે, મારી મીઠી ન ભરિયે આંસુરે, તેડો ક્યાંછે તમારી સાસુરે; મળી નાગરિયો સૌ બેઆરરે, જોઇ રૂપ મેલ્યો અહંકારરે. વેવાણ કમળાને એમ પુછેરે, મેહેતા સાથે સગપણ શુંછેરે. કોકિલા-સ્વરે અમ્રત વાણીરે, ત્યારે હશીને બોલ્યાં શેઠાણીરે. વેવાણ તમોએ શું નવ જાણિયાંરે, તમો બ્રાહ્મણ નેં અમો વાણિયાંરે, વેપાર દોશીનો ઘેર કોડીરે, અમારે ઓથ નરસૈયાની મોટીરે. અમો ધન મેહેતાજીનું લીજેરે, તેણે વેપાર કાપડનો કીજેરે; અમો આવ્યા મોસાળું કરવારે, ડાલી જાખ સોનૈયે ભરવારે, મેહેતે

જેજે વસ્ત્ર મગવ્યાંરે, અમો લખ્યા પ્રમાણે લાવ્યાંરે;
એવું કહિને બેઠાં શેઠાણીરે. સહુ નાગરિ સાંસે ભરાં
ણીરે. તેડયા શ્રીરંગ મેહેતો વેવાઈરે, ભાવે ભેટયા
શ્રી જદુરાઈરે; ત્યારે વિસ્મે થયા સહુ નાગરરે, છાબ
ભરી તે કરુણા-સાગરરે. મેહેતાને કહે વનમાળીરે, ક
રો પેહેરામણી સંભાળીરે.

વળણ.

સંભાળિ કરો પેહેરાણી, એવું કહે સુંદર સામરે;
વળી ઘટે તે માગજો, અમો વાણોતર સરખુ. કામરે.

કડવું ૧૪ મુ. રાગ મારૂ.

મેહેતે તેડાવી દીકરી, આ જુઓ છાબ સોનૈયે ભરી;
પેહેરાવો સહુ નાત નાગરિ. આવો અવસર નહિ આવે ફરિ.
કંકાવટી કરમાં ધરી; સાસુ પાસે વહુ સાંચરી;
હાસ કરિ ગરવે આચરી, બાઈજી વસ્ત્ર આપો વહેંચી કરી
વૈષ્ણવ કહીને દેતા ગાળ, એ શું મોસાળું કરશે કપાળ;
તમો નંદતાં તુળસિ નેં તાળ, તેણે વશ કીધા ગોપાળ;
જુઓ કમાઇ દુબળ તણી. જીવેછે હરીના ગુણ ભણી;
જો લખ્યાથી આશા હોય ઘણી, તો માગી લેજો પેહેરામણી.
સાંભળી કુંતરવહુની વાણી, સાસુએ તેડયાં ગોર ગોરાણી;
પુજયા પાગ કરમાં પિંગાણી. આઠવસ્ત્ર આપ્યાં તેને આણી.
પછે નાગરનિ ભિડ ઘણિ ભાળી. પછેડીની પલવટ વાળી;
આવ્યા છાબ પાસે વનમાળી, છોડે ગાંઠ આપે વસ્ત્ર ટાળી.
મેહેતોજી કહે ઉઠયો દીકરી, સસરાને આપો પોમરી;
ગડી જરકશિ વાઘાનિ કરી, હેમ સાકળિ ઊપર ધરી.
વરના મુખ આગળ ધરો, નીચું જોઇને પાછા ફરો;
પેહેરામણી મન ગમતી કરો, રખે પગલું પાછું ભરો;
સજોડે તેડયાં જેઠ જેઠાણી, આઠે વસ્ત્ર ત્યાં આપ્યાં આંણી;
પ્રીતે પુજ્યાં દિયર દેરાણી, બુસટિયો તવ બોલ્યો વાણી.

જ્યાં નરસઇયો ત્યાં નવ નીધ, દીયરિયો બેઠો હઠ કીધ;
પાંચ મોર સોનાની લીધીં, પછી પેરામણી ચાલતિ કીધી.
પેહેરામણી નાણદિયે અટકાવી, કુંવરબાઇ પિતાકને આવી;
બે તોલાની રાખડી લાવી, દશ તોલા આપી સમજાવી.
આપ્યા શાશુને સોળ શણગાર, પેહેરાવીનેં કીધો નમસ્કાર;
તવ કોપ્યાં વડસાશુ અપાર, સર્વ કુટંબને કીધો તિરસ્કાર.

વળણ.

તિરસ્કાર કીધો ડોસિયે, હવે પેહેરામણી પેહેરૂં નહી;
એમ કહિ ઊઠી નીસરી, જઇ મંડપ બહાર ઉભી રહી.

કડવું ૨૫ મુ. રાગ મેવાડો.

વડી વેવાણ રિસાયાં જાણી, લક્ષ્મજી પાસે આવ્યાંજી;
સારૂં ખિરોદક ખાંધે મુકી, ડોસીને સમજાવ્યાંજી.
જેજે કાર થયો મંડપમાં, ગીત ગાયછે રામાજી;
મોસાળુ તે મેહેતાજીનું, બીજા સર્વે ભાગાજી
પોતે પોતાના શગા તેડયા, જેની જ્યાં સગવેડજી;
મનવાંછિત પેહેરામણી દેખી, માંડા તેડા તેડજી.
ઘેરઘેર વાત થઇ નાગરમાં, મેહેતા કરે મામેરૂંજી;
વિચાર કરતી અબળા દોડી, મનમાની સાડી પેહેરૂંજી.
ચાર વરણ સઉ ચરણે ચાલી, આવ્યા મંડપ માંજી;
પલવટ વાળી શ્રીવનમાળી. તત્ક્ષણ આવ્યા ત્યાંયજી.
મેહેતાજી ઊભા તાળ વજાડે, ગાય વેરાગી ગીતજી.
વડસાસુ કુંવર વહુને કહે, પેહેરામણીની રીતજી.
શ્રીરંગનેં શામળ મેહેતો, પામ્યા ધોળાં શેલાંજી;
હેમજી બેમજી મેહેતાને, દશેક ખાંધે મેલ્યાંજી.
કળાય કોને ભમરી પટકા; નામ ન જાયે ગણિયાંજી;
કોને મુગટા કોને પીતાંબર, કોને સેલા શણિયાંજી.
મગીયાં દોરિયા અસાવળી કોને, શેલાં પટુ સાલજી;
ગુછે પેચ પાઘડીયો તોરા; દીસે ઝાક ઝમાલજી.

પાયજામાં નીમા નેં જામા, પછેડી બાળા બંધજી;
વખતણો તે વરશાદ વરશો, જયાં દોશી કરૂણા-શિંધુજી.
થરમા ડગલા કોને કોરા, વેઢ વીંટીયો છાપજી;
દુગદુગી માળા નેં માદળિયાં, આપ્યા મોતિ અમાપજી.
કોને કંદોરા નેં કંઠિ પોંચી, કોને સાંકળિ શોહેજી;
કુનક કડાં નેં કાને કડકજ, દેખીને મન મોહેજી.
પેહેરામણી પુરપોને પોહોતી, તેડયો અબળા સાથજી;
પિયળકાઢીને ખાંધે મુંકયાં. પટકુલ નાના ભાત્યજી.
ગંગાવહુને ગજીયાણી સાડી, સુંદરવહુને સાળુજી;
ગોરે અંગે સુંદર શોભે, માંહિ છાપકું કાળુંજી.
છબિલીવહુને છાયલ ભાગે, ભાત્ય તે રાતી ધોળીજી;
કોડ વહુને કસબેર આપી, પ્રેમવહુને પટોળીજી.
રામકુંવરને, કૃષ્ણકુંવરને, આપ્યા ઉતમ ઘાટજી.
છેલવહુને છીંટજ આપી, નાહાનીવહુને નાટજી.
પાનવહુતો પીતાંબર પહેરે, તાકે બચાબાઇજી.
રૂપકુંવરને રાતા સાળુ, દેવકુંવરદ રીયાઇજી.
શામકુંવરને સોનેરિ સાળુ, અખરવહુ ઘરચોળુંજી.
લક્ષ્મીવહુને લાછાવહુને, લાલવહુને પટોળુજી.
જશમાદે જશોદા જેવી, જમુના જાનકિ વહુયેજી;
ચણીયોળી ને ઘરચોળો, પેહેરી ઊભા સહુયેજી.
માનબાઇ નેં વેલવહુ નેં, રંભાવતી નેં દેવાંજી;
જુના કાઢીને નવાં પહેરાવ્યાં, હેડાં મુકી દેવાંજી.
છાબના પાપે છગીલો બેઠા, જે જોઇયે તે આપેજી,
મશરૂ ગજિયાં ને ગજીતાંગ, ગજ ભરીને કાપેજી.
પાટ પીતાંબર અતલસ અંબર, ચોળેરા નેં ચારજી;
શોભે સુંદર ભાત્ય નારંગી. પુતળિયો નેં કોરજી.
સાડી જરકશિની ઓઢણી, ચળકે સુંદર જોરજી,
કેસર છાંટયા ધોળા સાળુ, ફરતી કસબી કોરજી.

ચંદ્રકળા નેં ગૌરવિ શોભે, દરિયાઇમાં દોરજિ,
અતલસ પાંચ પટા આભુષણ, સોનરૂપાની મેહોરજી.
કોને અકોટી કોને ટોટી, ગળુબંધ બહુ મુલજિ,
કોને ભમરી કોને સેંથો ત્રસંથિયાં શાશ ફુલજી.
કો મેહેતા પાસે માળા માગે, ઉભી રહી કર જોડેજી,
કેટલિએક પોતાનાં બાળક, મેહેતા આગળ ઓડેજી.

વળણ.

ઓડે બાળક, જાણે કાંઇ આપે, મનવાંછિત પામ્યાં સહુ
સારિયાનું મેણું ટળ્યું, પીયર પનોતા કુંવ-વહુ.

કડવુ ૧૯ મુ રાગ ધનાશ્રી.

કોડ પોહોત્યા કુંવર વહુના, ભાગ્યુ ભવનુ મેણુજી;
મન વંછીત પેંહેરામણી પામ્યાં,જેને જેવુ લેણુજી;
નાગરી નાત કુટુંબ પાડોસી, ચાકર કોળી માળીજી;
પે–રામણી શહુકોને પહોતી, વાચા પ્રભુએ પાળીજી;
સોળે સણગાર કુંવર બાઇને, આપી દીધુ માનજી;
કનક પહાણ એનછાબમા મુકયા, હરી થયા અંતર ધ્યાનજી
સભા સહુકો વીશમય પામી, અલોકીક સેઠ શેઠાણીજી;
મેહેતાને સહુ પાયે લાગે, ભકતી સાચા જાણીજી;
કુંવર બાઇની નણદી આવી, બડબડતી મુખ મોડેજી;
પેહેરામણી કોઇને નવ પહોતી, વેવાઇને અરખોડેજી;
પેહેરામણી પરનાતી પામ્યાં, ઘરના માણસ ગયા ભુલી
એક કટકો કાપડુ નવ પામી, પુત્રી મારી ફુલફુલીજી;
મને આપ્યુ હોયતે દયો ભાભી પાછુ રાખડી બધામાણૂ
નામ મેતો પણ નોહે નાગર, દીસે દુરબળ બ્રામણજી;
કુંવેર બાઇ પીતા કને આવી,તાત હવે સું થાસેજી;
આટલુ ખરચતે મેણુ રયુ તે, હવે કેમ જીવાસેજી;
વીસરી દીકરી નણદીકેરી, નાનબાઇ તેનું નામજી,
છ મહીનાની છે તે છોકરી, એક કાપડાનુ કામજી;

મેહેતાંજી કહે પુંત્રી મારો, સમરો શ્રી ગોપાળજી;
એક તાંતણો મુજથી ન પામો, બેઠા વજાડુ તાળ
ફરી ધ્યાન ધરયું માધવનુ, ત્રીકમ રાખજો ટેકજી;
પંચ રંગી ત્યાં કાપડુ સુદર; આકાશથી પડ્યુ એક
નણંદી સંતોકી કુવર બાઇની, મેહેતાજી માગે વીદાયજી
સહુસ્ત્ર મહોર સોનાના પહાણા, મુકયા તે છાબ માંયજી
નાગર લોક સઊ પાયે લાગે, પ્રજા કરે વખાણજી.
નાગરી નાતે મોટો નરસી, માથે સારંગ પાણજી.
ધન્ય મેહેતાંજી તમ શમોવડ આ કળી યુગમાં નોયજી
નાગરી નાતનો મહીમા રાખ્યો, ઊજળુ કીધુ સઊકોયજી
અમને તો વીસવાસ નોતો જે, મેહેતો કરે મોમેરૂજી
સરવ ની લજા પ્રભુએ રાખી મેણુ ટળયુ ભવ કેરૂજી
પછે મેહેતોજી વીદાયગાગે બોલે બેઊ કર જોડીજી
કુંવર બાઇને વળાવો વેહેય આણી છે જોડીજી,
પછે કુંવર બાઇ વેલે બેશી જુનેગડ તે જાયજી
સહુકો વળાવી પાછાં વળીયાં ધન્ય ધન્ય વઇકુંઠરાયજી
વીર ક્ષેત્ર વડોદરૂને ગુજરાત મધે ગામજી
ચાતુરવંશી જ્ઞાતી શ્રીમત ભટ પરમાનંદ નામજી.
સવંત સતર એગણ ચાળો આસો શુદી નવમી રવીવારજી
પુરાણુ ગ્રંથ ગયો તે દાસે યથામતી વીસ્તારજી
પ્રીત કરી જે ગાય સંભળે દરીદર તેનું જાયજી
એવુ જાણી ભકિત કરે તેને શનમુખ વઇકુઠ રાયજી

વળણ

વઇકુઠ નાથ સનમુખ હોય જો નીરમળ મને સાંભળે
ભટ પરમાનંદ કહેકથા માધવ તેને નીશ્ચે મળે

સમાપ્ત.

જાહેર ખબર.

આથી સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી વારતાની ચોપડીઓ અમદાવાદમાં સમશેર બહાદુર છાપખાનામાં રોકડા કીમતથી વેચાતી મળશે.

ગીરધરકૃત રામાયણ મોટા અક્ષરની	૦-૧૨-૦
સુદામા ચરિત્ર નાટક	૦-૬-૦
આશીરવાદ નાટક	૦-૮-૦
ઓખાહરણ	૦-૧-૦
દલપતરામની ગરબાવળી	૦-૧-૦
ચાદંપતી નાટક	૦-૬-૦
શુભાંકાવલી	૦-૫-૦
સદેવંત સાવળીંગા	૦-૨-૦
શ્રી મનોરંજક ગરબાવળી	૦-૧-૦
ગજરામારૂ	૦-૧-૦
દીલચમન ગાયન	૦-૧-૦
આંકની ચોપડી	૦-૦-૬
મનોરંજક ભક્તી કાવ્ય	૦-૨-૦
કજોડા દુખ દરશક નાટક	૦-૮-૦
સોરઠી સોમનાથ નાટક	૦-૧૨-૦
કમળા કુમારી નાટક પ્રથમ આવૃતી	૦-૮-૦

આ શિવાય બીજાં ઘણી જાતનાં વારતાનાં તથા કાયદાનાં, તથા જૈનધર્મનાં વિગેરે ઘણી જાતનાં શુધ્ધ અને સારી છાપથી છપેલાં પુસ્તકો કીફાયત ભાવથી મળશે.